આદિવાસી રાઠવા સમાજે આપેલ છોટાઉદેપુર જિલ્લા બંધને કવાંટમાં અભુતપૂર્વ પ્રતિસાદ

(પ્રતિનિધિ) કવાંટ,તા.૭

આદિવાસી રાઠવા સમાજના છોટાઉદેપુર જિલ્લાના સર્વપક્ષીય આગેવાનો દ્વારા તા.૭/૨/૨૦ને શુક્રવારના રોજ છોટાઉદેપુર જિલ્લાબંધના ાએલાનને પગલે આજરોજ કવાંટ નગરમાં લારી-ગલ્લા પથારાઓ કે મોટી દુકાનો આમ સર્વે પ્રકારના વહેપારી મિત્રોએ સમર્થન આપતા કવાંટનગર અભુતપુર્વ બંધ રહેવા પામેલ હતી.

કવાંટનગરમાં લોકોને ચા-નાસ્તા કે પડીકી ખાવા માટે વલખા મારવાનો વખત આવેલ તે રીતના બંધને સમર્થન મળેલ હતું. જયારે ગામડાઓથી લીલુ શાકભાજી લઈને આવતા આદિવાસીઓ પણ આજે કવાંટમાં શાકભાજી વહેંચવા માટે આવેલ ન હતા. આ આદિવાસીઓ શાકભાજીની ઢગલી કરીને નીચે પથારા કરીને શાકભાજી કવાંટમાં દરરોજ વહેંચવા માટે આવે છે. પરંતુ તે લોકો પણ ન આવતા શાકભાજીની પણ તંગી દેખવા મળતી હતી.

કવાંટ તાલુકાનું પાનવડ ગામ પણ સંપૂર્ણ બંધ રહીને આ બંધના એલાનને સફળ બનાવ્યું હતું. આમ સંપૂર્ણ કવાંટ તાલુકામાં બંધની સજજડ અસર જોવા મળી હતી. કવાંટમાં રાષ્ટ્રીયકૃત બેંકો અને પોસ્ટ ઓફિસ પણ બંધ રહેવા પામી હતી. જયારે મળતી માહિતી પ્રમાણે કવાંટ તાલુકાની જુની અને સૌથી મોટી હાઈસ્કુલ ''કવાંટ ઈંગ્લીશ હાઈસ્કુલમાં'' છોકરાઓ ન આવતા પરીક્ષા મોકુફ રાખીને સોમવારના રોજ લેવાનું નકકી કરવામાં આવેલ હતું. સરકારી બસ, પ્રાઈવેટ બસો અને ટેમ્પા-જીવો પણ સંપૂર્ણ બંધ રહેલ હતી.

તિલકવાડાના અસરપુરા ગામે

યુવતીએ અગમ્ય કારણોસર દવા ગટગટાવી લેતાં મોત

વડોદરા, તા.૭

તિલકવાડા તાલુકાના અસરપુરા ગામમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ અગમ્ય કારણસર જંતુનાશક દવા ગટગટાવી મોતને ભેટી હતી. બનાવની પ્રાપ્ત વિગત મુજબ તિલકવાડાના અસરપુરા ગામે રહેતી સપનાબેન વિઠ્ઠલભાઈ ભીલ ઉ.વ.૧૯ ગઈકાલે તેણીએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી ગઈ હતી. જેથી દવાની અસર થતા તેણીને પેટમાં ગભરામણ તેમજ અસહ્ય બળતરા થતા ઉલટીઓ શરૂ કરી હતી. જેથી તેણીને તેના પિતા સારવાર માટે તિલકવાડા હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબિબને ઝેરી દવા પીધી હોવાનું માલુમ પડતા તેણીને વધુ સારવાર માટે અત્રેની સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબિબે સપનાની સારવાર કરતા સારવાર દરમિયાન જ તેનું મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ તિલકવાડા પોલીસ સ્ટેશનને કરવામાં આવી હતી.

સંખેડાના રતનપુર ગામની

માનસિક અસ્વસ્થ યુવતીએ અગ્નિસ્નાન કરી લેતા મોત

વડોદરા, તા.૭

સંખેડા તાલુકાના રતનપુર ગામની ૨૦ વર્ષિય માનસિક અસ્વસ્થ યુવતીએ પોતાની જાતે જ કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા મોતને ભેટી હતી. આ બનાવને પગલે રતનપુર ગામમાં ચકચાર મચી જવા પામી હતી.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ રતનપુર ગામે રહેતી ભાવિકાબેન અરવિંદભાઈ છેલ્લા બે ત્રણ મહિનાથી અગમ્યકારણોસર માનસિક અસ્વસ્થ રહેતી હતી. જેથી તેણી ગમે ત્યારે અને ગમે ત્યાં જતી રહેતી હતી. જોકે પરિવારજનોએ તેણીની શોધખોળ કરી ઘરે લઈ આવતા હતા. ગઈકાલે રાત્રીના સમયે ઘરના પરિવારજનો સુઈ ગયા હતા તે દરમિયાન તે રાત્રે ઉઠીને કેરોસીનનો ડબ્બો લઈને ઘરની પાછળ આવેલ વાડામાં પોતાની જાતે જ કેરોસીન શરીર ઉપર છાંટી જીવતી સળગી ઉઠી હતી. અગનજવાળામાં લપેટાયેલી ભાવિકાએ બુમાબુમ કરતા પરિવારના સભ્યો જાગી ઉઠ્યા હતા અને તેણીને બચાવી લીધી હતી. પરંતુ આ બનાવમાં તે ગંભીર રીતે આખા શરીરમાં દાઝી ગઈ હતી. સારવાર માટે તેણીને સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબિબે ભાવિકાને મૃત જાહેર કરી હતી. બનાવની જાણ સંખેડા પોલીસને કરવામાં આવી હતી.

મનપસંદ બેવરેઝીસ લી.કંપનીને ૧૦૦ કરોડની લોનની

લાલચ આપી ૬૦૦ કરોડથી વધુની મિલ્કતો મોર્ગેજ કરાવી માત્ર ૧૨ કરોડમાં કંપની પડાવી લેવાની ફરિયાદ

(પ્રતિનિધિ)સાવલી,તા.૭

સાવાલી તાલુકાના મંજુસર જીઆડીસી આવેલી મનપસંદ બેવરેઝીસ લી. કંપની સાથે ૧૦૦ કરોડથી વધુની મિલ્કતો મોર્ગેજ કરાવી માત્ર ૧૨ કરોડ આપીને કંપની પડાવી લેવાની ફરિયાદના સાત અરોપીઓએ અગોતરા જામીન બાબતને કેસ ત્રીજા એડી.ડ્રિસ્ટ્રીકટ અને સેસન્સ જજની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલો ગ્રાહય રાખીને સાતેયની જામીન અરજી ના મંજુર કરી દેતા જીઆઈડીસી એકમમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મંજુસર જીઆઈડીસીમાં આવેલી મનપસંદ બેવરેઝીઇ લી.સોફ્ટ ડ્રીન્ક બનાવતી એક માત્ર ભારતીય લીસ્ટેડ કંપની છે આ કંપની વિવિધ બ્રાન્ડના નામે મેંગોશીપ સહિતના પીણા બનાવે છે અને ગુજરાત સહિત, વારાણસી, અંબાલા, શ્રીસીટી જેવા દેશના અનેક શહેરોમાં તેના પ્લાન્ટ કાર્યરત છે. દેવામાં ગત ૨૦૧૯માં મે માસમાં જીએસટી વિભાગ દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું. અને કંપની માલિકના બે પુત્રો અને સી.એફ.ઓની ધરપકડ કરવામાં આવી હતી.

ત્યારબાદ આ ખબર વાયુવેગે પ્રસરી જતાં કંપનીની માર્કેટકેપ ૭૦૦ કરોડથી વધુ ટુટી જવા પામી હતી. અને શેરોનું ભારે ધોવાણ થયું હતું. તેવામાં કંપનીના એમ.ડી. ધિરેન્દ્રસિંગ પોતાના બન્ને પુત્રો અને સીએફઓની ધરપકડ અને રોકાણકારોની ચિંતા મુદ્દે માનસિક રીતે ભાંગી ગયા હતા. અને વિવિધ બિમારીમાં સપડાઈ ગયા હતા. જયારે જીએસટીના રેડના પગલે કંપનીના ડિરેકટરોએ પણ રાજીનામા ધરી દીધા હતા.

જયારે બીજી બાજુ પોતાના બન્ને પુત્રોને છોડાવવા માટે કોર્ટમાં ૧૭.૭૭ કરોડ ભરવાના હતા. જીએસટી વિભાગે તમામ ખાતાઓ સીઝ કરી દીધા હતા. અને કંપની આર્થિક રીતે દેવામાં આવી ગઈ હતી. જયારે આ બનાવના કારણે કંપનીની મંજુર થયેલી લોન પણ અટકી ગઈ હતી. તેવામાં કંપની માલિકની માનસિક સ્થિતિનો ગેરલાભ લઈ કંપનીના ડાયરેકટર જે જીએસટીના દરોડા બાદ રાજીનામુ આપી ચુકયા હતા. ત્યાર પછી વિશાલ સત્યેન્દ્ર સુદે-કંપનીના માલિકને જણાવેલ કે બોમ્બે સ્થિત ફિનકવીસ્ટ ફાઈનાન્સીયલ સોલ્યુશન પ્રા.લી. નામની કંપનીના માલિક મને ઓળખે છે તેઓ તમારી કંપનીને લોન આપશે તેમ કહી વિશ્વાસમાં લઈને ફાઈનાન્સ કંપનીના ચેરમેન ભરતભાઈ પટેલ સાથે મુલાકાત કરાવી હતી. તે સમયે અજય અગ્રવાલ પણ હાજર હતો. અને વિવિધ પ્રકારના એમ.ઓ.યુ કરીને ૧૦૦ કરોડ લોન આપવા માટે એગ્રીમેન્ટ કર્યા હતા. તેના બદલામાં મંજુસર સ્થિત કંપનીની તમામ મિલ્કતો તેમજ અંબાલાલ (હરીયાણા)ની મિલકતો મોર્ગેજ કરી હતી.

સાથે સાથે ટ્રેડમાર્ક, ડિઝીટલ સિગ્નેચર, કંપનીના લાયસન્સ, બ્રાન્ડનેમ સહિતના તમામ ઓરીજનલ દસ્તાવેજો મોર્ગેજમાં લઈને ૧૦૦ કરોડ રૂપિયા આપવાનું તારીખ ૩૧/૭/૨૦૧૯ સુધી ચુકવવાનું નકકી થયું હતું. તેના બદલામાં ફાઈનાન્સ કંપની પોતાના બે ડિરેકટરો નિમશે. તેમજ માર્કેટમાંથી પ્રોફેશનલ ટીમ હાયર કરીને કંપની ચલાવવાની અને ત્યારબાદ કંપનીએ લીધેલી ૧૦૦ કરોડની લોન બે વરસ બાદ ૨૫ કરોડના હમેથી ચાર હમામાં ચુકવવાની તેવું નકકી કરેલ હતું. તેના બદલામાં ફિનકવીસ્ટ ફાઈનાન્સીયલ કંપનીએ ૨૫ કરોડના ચાર સહી કરેલા ચેક તેમજ કંપનીના માલિક ધીરેન્દ્રસિંહની માલીકીના ૪૪ ટકાથી વધુના શેર પણ લખાવી લીધા હતા. અને કંપનીની મિલકતો સાવલી રજીસ્ટાર ઓફિસ ખાતે આઈડીબીઆઈ ટ્રસ્ટીશીપને મોર્ગેજ કરાવી લીધી હતી.

ત્યારબાદ ટુકડે ટુકડે ૧૨ કરોડ જેવી રકમ વિવિધ ખાતાઓમાં નાંખીને ચુકવી હતી. અને તેના બદલામાં મનપસંદ કંપનીના અને કંપનીના માલિકના ખાતામાંથી ૨.૪૦ કરોડ રૂપિયા ઉઠાવી લીધા હતા. અને મુદ્દત પુરી થયે ૧૦૦ કરોડ ન ચુકવતા આ બાબતે ભાદરવા પોલીસ મથકે સાત ઈસમો વિરૂધ્ધ છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ હાલ લોકલ ક્રાઈમ બ્રાંચ કરી રહી છે.

તેવામાં સાવલી ડિસ્ટ્રીકટ અને સેસન્સ કોર્ટમાં ૧. ભરતભાઈ જયંતિભાઈ પટેલ ૨. હાર્દિકભાઈ ભરતભાઈ પટેલ ૩. અજયભાઈ પરમેશ્વર અગ્રવાલ ત્રણેય (રહે. ૬૦૨ બોસ્ટન હાઉસ સુરેન રોડ અંધેરી (ઈ) મુંબઈ ૪. વિશાલ રાજેશભાઈ જરીવાલા (રહે. ૪૨ સમર્પણ બંગ્લોઝ પી.પી.પેટ્રોલ પંપની સામે,જજીસ બંગ્લોઝ બોડકદેવ, અમદાવાદ) ૫. પરાશીવા શરના બસપ્પા મૂર્તિ (રહે. ૧૦૪૯/૫એ મેઈન થર્ડ બ્લોક, થર્ડ સ્ટેજ બસાવેશ્વરનગર બેંગ્લોર) ૬. પવન પરસોત્તમ રાઠી (રહે એફ.૪૦૪ શિખર એપાર્ટમેન્ટ, ગોરવા વર્કશોપ પાસે, વડોદરા) વિશાલ સત્યેન્દ્ર સુદ રહે. બી/૦૯૨ સેન્ટ્રલ પાર્ક-૧ ગોલ્ફ કોર્સ રોડ સેકટર-૪૨ ગુંડગાવ હરિયાણાએ સાવલી કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી મુકી હતી.

તેવામાં ૩ જા એડી.ડિસ્ટ્રીકટ અને સેશન જજ રવિકુમાર પટેલની કોર્ટમાં ચાલી જતા પોલીસના સોગંદનામા અને બચાવ પક્ષના વકીલ તેમજ સરકારી વકીલ એચ.બી. ચૌહાણની દલીલો સાંભળીને તેમજ ગુનાની ગંભીરતા અને પોલીસ દ્વારા વારંવાર આરોપીઓને તપાસ માટે વોરંટ મોકલવા છતાંય ગેરહાજર રહેતા કોર્ટે સામે વાળા સાતેય ઈસમોની જામીન અરજી ના મંજુર કરી દીધી છે.

વડોદરા જિલ્લામાં મહેસુલી તંત્રનું ડિજિટલીકરણ

બિનખેતી પરવાનગીની ઓનલાઈન વ્યવસ્થા હેઠળ ૬૦૨ અરજીઓમાં પરવાનગી આપવામાં આવી

વડોદરા તા.૭

જિલ્લા મહેસુલી તંત્રના ડિજીટલિકરણના ભાગરૂપે વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઇ.એન.એ. હેઠળ ઓનલાઇન બિનખેતીની પરવાનગીની સરળ, ઝડપી અને પારદર્શક વ્યવસ્થા અમલમાં છે. આ વ્યવસ્થા અન્વયે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૦ સુધીમાં જિલ્લામાં ૬૦૨ અરજીઓમાં બિનખેતીની ઓનલાઇન પરવાનગી આપવામાં આવી છે. ઉપરોક્ત તારીખ સુધીમાં જિલ્લામાં ઇ.એન.એ. માટે કુલ ૮૮૧ અરજીઓ મળી હતી જે પૈકી ૬૮.૩૩ ટકા અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે.

અત્રે એ નોંધ લેવી ઘટે કે વડોદરા જિલ્લામાં ઓનલાઇન બિનખેતીની પરવાનગીની કાર્ય પધ્ધતિ નવેમ્બર ૨૦૧૮ના પ્રથમ સમાહમાં, મહેસુલી સેવાઓના ડિજીટલીકરણના મહત્વના કદમ તરીકે વડોદરા જિલ્લામાં અમલમાં મૂકવામાં આવી હતી. તે પછી તબક્કાવાર સમગ્ર રાજ્યમાં જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫ હેઠળ બિનખેતીની ઓનલાઇન પરવાનગીની વ્યવસ્થા કાર્યાન્વિત કરવામાં આવી છે અને માર્ચ ૨૦૧૯થી જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૫, ૬૫ એ, ૬૬ અને ૬૭ હેઠળ આપવા પાત્ર બિનખેતીની પરવાનગીઓ માટે ઓનલાઈન કાર્ય પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે.

આ કાર્ય પદ્ધતિને સરળ અને પારદર્શક બનાવવા જિલ્લામાં પ્રી સ્ક્રૂટિની સેલની રચના કરીને નાયબ કલેકટર, વડોદરા શહેરની અને પ્રીમિયમની બાબતમાં નાયબ કલેક્ટર, જમીન સુધારણાને પૂર્વ ચકાસણી અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

ઓનલાઇન અરજીઓના નિકાલની આ કાર્ય પદ્ધતિને પારદર્શક અને સમય મર્યાદાને આધીન બનાવવા નિવાસી અધિક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તાકીદની ફાઈલોના અભિપ્રાયોની સમીક્ષાની વ્યવસ્થા કરવામાં આવે છે. દર સમાહે મંગળ અને શુક્રવારે અથવા જરૂરિયાત પ્રમાણે સમયાંતરે બે દિવસે આ કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ઓનલાઇન આઈઓરાLIORA હેઠળ તા.૨૨/૦૧/૨૦૨૦ સુધીમાં બિન ખેતીની પરવાનગી મેળવવા કુલ ૩૪૦૪ અરજીઓ મળી હતી જે પૈકી ૨૯૦૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આમ, ૮૫.૪૬ ટકા અરજીઓનો ઓનલાઇન વ્યવસ્થા હેઠળ પારદર્શક નિકાલ કરવામાં આવ્યો છે અને ૭૧.૭૧ ટકા એટલે કે ૨૦૮૬ અરજીઓનો હકારાત્મક નિકાલ સુચારુ રીતે શક્ય બન્યો છે.

સચાજી હોસ્પિટલમાં દાખલ

મધ્યપ્રદેશની અપરણિત યુવતીને સેપ્ટીક ગર્ભપાત થતા હાલત નાજુક

વડોદરા, તા.૭

મધ્યપ્રદેશના જોબર તાલુકાના ખટાલી ગામે આંગણવાડીમાં કામ કરતી ૨૨ વર્ષીય યુવતીને ગુમ ભાગે રક્તસ્ત્રાવ થતા તેણીને સારવાર માટે અત્રેની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીની હાલત નાજુક તેમજ સેપ્ટીક ગર્ભપાત થવાની શક્યતા હોવાનું તબિબ સુત્રોએ જણાવ્યું હતું.

હોસ્પિટલના તબિબ સુત્રો દ્વારા બનાવની પ્રાપ્ત વિગત મુજબ મધ્યપ્રદેશ જોબર તાલુકાના ખટાલી ગામે રહેતી રેલમબેન ઈન્દ્રસિંહ ડુડવે ઉ.વ.૨૨ સ્થાનિક ગામમાં આવેલ આંગણવાડીમાં કામ કરતી હતી એ દરમિયાન તેણીને રક્તસ્ત્રાવ શરૂ થયો હતો. જોકે આ રકતસ્ત્રાવની સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેની સારવાર હાથ ધરી હતી. પરંતુ આ રક્તસ્ત્રાવ સતત થતો હોવાથી તેણીને સધન સારવાર માટે અત્રેની સયાજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જ્યાં તબિબોએ રેલમબેનનું મેડીકલ ચેકઅપ તેમજ સારવાર હાથ ધરતા સયાજી હોસ્પિટલમાં યુવતી દર્દીને સેપ્ટીક ગર્ભપાત થયા હોવાનું નિદાન આવ્યું હતું. આ મહિલા દર્દી અપરણિત હોવાથી તબિબે વડોદરા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે જોબર પોલીસ સ્ટેશન ખાતે આ બનાવની જાણ કરવામાં આવી હતી અને આ બનાવ મામલે ક્રાયટેસરની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

પાડોશીના મકાનમાં ચોરી કરી નાસી છૂટનાર શખ્સ પકડાયો

વડોદરા, તા.૭

સલાટવાડા તુલસીબાઇની ચાલીમાં પાડોશીના મકાનમાં ચોરી કરી નાસી છૂટેલા સન્ની ઉર્ફે ગટુની કારેલીબાગ પોલીસે ધરપકડ કરી હતી અગાઉ પણ આ મકાનમાંથી રુપીયા દોઢ લાખથી વધુની માલમત્તા ચોરી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સલાટવાડા તુલસીબાઇની ચાલીમા રહેતા સંતોષ યાદવ રાત્રિના સમયે જમી પરવારી સુઇ ગયા હતા. મોડીરાત્રે બિલ્લીપગે ઘરમા પ્રવેશ કરનાર પાડોશી સન્ની ઉર્ફે ગટ્ટુ પેન્ટના ખિસ્સામાંથી રોકડ મત્તા ચોરી નાસી છુટે તે પૂર્વે સંતોષ યાદવની પત્ની જાગી ગયા હતા ઘરમા ચોરી કરવા ઘુસેલા સન્નીને ઓળખી લેતા તેઓએ બુમો પાડી હતી.

મકાનમાંથી ઝડપથી બહાર નીકળી સન્ની ફરાર થઇ ગયો હતો. સવારના સમયે સંતોષ યાદવે મકાનમાં ચોરી કરવા આવેલા સન્ની ઉર્ફે ગટ્ટુના પિતા સમક્ષ ફરિયાદ કરી હતી. આથી સન્નીના પિતાએ રુપીયા ૧૪ હજાર પાછા આપી દીધા હતા. અને સાંજે રુપીયા બે હજાર આપી દેવાનો વાયદો કર્યો હતો.

કારેલીબાગ પોલીસ મથકે ચોરીના બનાવ અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પાલિકામાં રોડના કામ લેવા ઇજારદારોની પડાપડી

વડોદરા, તા.૭

પાલિકામાં વિવિધ ઝોનમાં કાચા રસ્તા પાકા કરવાના કામો માટે ઇજારદારોએ પડાપડી કરી મુકી દીધી છે. દક્ષિણ અને પશ્ચિમ ઝોનમાં રુ. અઢી કરોડની મર્યાદામાં કામકરવા માટે ઇજારો મંગાવવામાં આવ્યો હતો.જેમા પશ્ચિમ ઝોન માટે આઠ ઇજારદારોના ભાવપત્રો આવ્યા હતા જ્યારે દક્ષિણ ઝોનમાટે ચાર ઇજારદારોના ભાવપત્રો આવ્યા હતા.

પાલિકામાં રોડના કામ લેવા ઇજારદારોની પડાપડી

વડોદરા, તા.૭

પાલિકામાં વિવિધ ઝોનમાં કાચા રસ્તા પાકા કરવાના કામો માટે ઇજારદારોએ પડાપડી કરી મુકી દીધી છે. દક્ષિણ અને પશ્ચિમ ઝોનમાં રુ. અઢી કરોડની મર્યાદામાં કામકરવા માટે ઇજારો મંગાવવામાં આવ્યો હતો.જેમા પશ્ચિમ ઝોન માટે આઠ ઇજારદારોના ભાવપત્રો આવ્યા હતા જ્યારે દક્ષિણ ઝોનમાટે ચાર ઇજારદારોના ભાવપત્રો આવ્યા હતા. બંને ઝોનમાં અંદાજથી ૩૯.૩૬ ટકા ડાઉનમાં ભાવપત્રો સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવ્યા છે.

યશ બેંક લીમીટેડ
YES BANK
ગ્રાઉન્ડ ફ્લોર, કોર્નર સ્કવેર બીલ્ડીંગ, ઈનોક્સ મલ્ટીપ્લેક્ષ પાસે, રેસ કોર્સ સર્કલ, બરોડા - ૩૯૦૦૦૭.

પઝેશન નોટીસ

આથી, લોન એકાઉન્ટ નં. AFH000900212683

યશ બેંક લીમીટેડ ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨, તથા નિયમ ૩ અંતર્ગત વંચાણે લેતાં તા. ૨૨.૧૦.૨૦૧૯ ના રોજ **ઉધારકર્તા શ્રી વિતેશસિંહ સંજયસિંહ ચૌહાણ (ઉધારકર્તા અને ગિરવેદાર) અને શ્રી ભાવેશસિંહ સંજયકુમાર ચૌહાણ અને સંજય એન. પટેલ (સહ-ઉધારકર્તા અને ગિરવેદાર)** ઉક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસ જારી કરીને નોટીસ ની તારીખથી ૬૦ દિવસોની અંદર નોટીસમાં જણાવેલ તા. ૨૨.૧૦.૨૦૧૯ ના રોજ બાકી **રૂા. ૨૨,૦૯,૪૭૧/- (રૂા. બાવીસ લાખ નવ હજાર ચારસો એકસઠ પુરા)** સાથે તેની ઉપર કરાર દરે ઉપર જણાવેલ રકમ ઉપર વધારાનું વ્યાજ તા. ૨૩.૧૦.૨૦૧૯ થી થયેલા ચૂકવણી તારીખ સુધીના પ્રાસંગીક ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ વગેરે ચુકવવા જણાવેલ.

ઉપરોક્ત ઉધારકર્તા રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ખાસ કરીને ઉપર જણાવેલ ઉધારકર્તા અને સામાન્યતઃ જાહેર જનતાને નોટીસ થી જણાવવામાં આવે છે કે અધિનિયમ ૧૩(૪)ની સાથે ઉક્ત નિયમો ના નિયમ ૮ ને વંચાણે લેતા આપેલી સત્તાની રૂએ **તા. ૦૫.૦૨.૨૦૨૦** ના રોજ અધોહસ્તાક્ષરીએ નીચે જણાવ્યા મુજબની મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લીધેલ છે.

ઉપર જણાવેલ ઉધારકર્તા ને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યશ બેંક લી.** ની ગીરો તા. ૨૨.૧૦.૨૦૧૯ ના રોજ બાકી રકમ **રૂા. ૨૨,૦૯,૪૭૧/- (રૂા. બાવીસ લાખ નવ હજાર ચારસો એકસઠ પુરા)** સાથે તેની ઉપરના કરાર દરે વધારાનું વ્યાજ તા. ૨૩.૧૦.૨૦૧૯ થી થયેલા પ્રાસંગીક ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ વગેરે બોજા સહિતનો રહેશે.

કાયદાની કલમ ૧૩(૮) ધ્યાને લેતા જો અમારી બાકી રકમ અમારા દ્વારા થયેલ બધાંજ કોસ્ટ, ચાર્જીસ, અને ખર્ચા સાથે વેચાણ અથવા તબદીલ કરવાની નકકી કરેલ તારીખ પહેલા કોઈપણ સમયે ભરપાઈ કરવામાં આવશે તો અમારા દ્વારા મુકરર મિલકતનું વેચાણ અથવા તબદીલ કરવામાં આવશે નહી. અને તે મુકરર મિલકત વેચવા કે તબદીલ કરવા માટે આગળના પગલા અમારા દ્વારા ભરવામાં આવશે નહી.

મિલકતની વિગત

મિલકત પ્લોટ નં. એ-૩૭૩, ઉપર બાંધેલ સોસાયટી "કાન્હા ગ્રેલેક્સી" ના નામથી ક્ષેત્રફળ ૫૬૦ સ્કે. ફૂટ સાથે કોમન રોડ, ખાતંબા ખાતે સ્થિત જેનો રેવન્યુ સર્વે નં. ૩૮૮, ૩૯૧, ૩૯૨, બ્લોક નં. ૨૫૦/એ, ૨૫૦/બી, ૨૫૦/એ પૈકી ૧ ક્ષેત્રફળ ૫૨૬૪૧ સ્કે. મી. મોજે ગામ ખાતંબા જીલ્લો વડોદરા ખાતે આવેલ સમગ્ર મિલકત **ચતુરસીમા** :- પૂર્વે : પ્લોટ નં. એ/૩૭૨, પશ્ચીમે : પ્લોટ નં. એ/૩૭૪, ઉત્તરે : પ્લોટ નં. બી-૩૬૬, દક્ષીણે : ૭.૫૦ મીટર રોડ.

તારીખ : ૦૫.૦૨.૨૦૨૦, સ્થળ : વડોદરા

સહી/-
અધિકૃત અધિકારી, યશ બેંક લીમીટેડ

ભારતીય સ્ટેટ બેંક
ડભોઇ શાખા (૦૦૩૫૨),
લાટી બજાર, વડોદરી ભાગોળની બાજુમાં, ડભોઇ - ૩૯૧૧૧૦, જિ. વડોદરા.
ફોન : ૦૨૬૬૩-૨૫૮૨૦૨ / ૯૧૭૬૦૦૦૩૭૩૦૬ Email: sbi.00352@sbi.co.in

કબ્જા નોટિસ
[નિયમ-૮(૧)] (સ્થાવર મિલકત માટે)

જે મુજબ, નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેન્ક, ડભોઇ શાખા (૦૦૩૫૨), વડોદરાના** અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ-૩ સાથે વાંચતા કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી **બોરોઅર શ્રી મયૂરકુમાર ભીખાભાઇ દરજી અને શ્રીમતી જ્યોતિકા મયૂરકુમાર દરજીને ડિમાન્ડ નોટિસ તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૯** ના રોજ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ **રકમ રૂા.૧૮,૦૫,૦૬૦/- (રૂપિયા અઢાર લાખ પાંચ હજાર સાંઇઠ પૂરા) તા.૩૧ જુલાઇ ૨૦૧૯ના રોજ** સુધીનું વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ અને અન્ય ખર્ચા વગેરે ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે, **આથી બોરોઅર, તેમના કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), ગેરન્ટર અને જાહેર જનતાને** આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા અહીં નીચે નિર્દિષ્ટ મિલકતનો, ઉપરોક્ત ધારાની કલમ ૧૩(૪) હેઠળ, નિયમ-૮ સાથે વાંચતા ફિઝીકલ **કબજો તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ** મેળવી લેવાયેલ છે.

બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરવો નહિ અને જો આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરાશે તો તે **ભારતીય સ્ટેટ બેન્કને** નોટિસમાં નિર્દિષ્ટ રકમ **રૂા.૧૮,૦૫,૦૬૦/- (રૂપિયા અઢાર લાખ પાંચ હજાર સાંઇઠ પૂરા)** સહિત વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ અને અન્ય ખર્ચા તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજથી ચૂકવવા જવાબદાર રહેશે.

આમ, ઉપરોક્ત એક્ટની કલમ-૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ બોરોઅર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે સમય રહેતાં પોતાની સલામત અસ્કયામતો છોડાવી લે.

ગિરો મુકાયેલ સ્થાવર મિલકતની વિગત

તમામ પીસ અને પાર્સલ સ્થાવર મિલકત, જેનો આર.બી.નં.૧૪૧૮ હેક્ટર : ૧.૨૬.૦૫, એકર : ૧૭ - ૬૯ અને આર.બી.નં.૧૪૩૨/બી, હેક્ટર : ૧.૫૭.૦૦, એકર : ૨૭.૦૦ - નવા સંપાદિત આર.બી.નં.૧૪૩૨/બી, હેક્ટર : ૨.૮૩.૦૫, એકર : ૪૪-૬૯, સાંઇદર્શન બંગલો, પ્લોટ નં.૯૯ ક્ષેત્રફળ ૯૮૦ ચો.ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ કેબીન સાથે, મુ.પો. ડભોઇ, તા. ડભોઇ, જિ. વડોદરા અને ચતુઃસીમા આ મુજબ છે :
પૂર્વ : સોસાયટીનો રોડ; પશ્ચિમ : ખેતર; ઉત્તર : પ્લોટ નં.૯૮; દક્ષિણ : પ્લોટ નં.૧૦૦.

તારીખ : ૦૭-૦૨-૨૦૨૦
સ્થળ : ડભોઇ

સહી - અધિકૃત અધિકારી
ભારતીય સ્ટેટ બેંક - વડોદરા

INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED
Registered Office : 5th